
GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, કિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક
સ્વીચ લગાવો
જે મોટર ને
ઓટોમેટીક
ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૩ કારતક સુદ આઠમ મંગળવાર ૧૭ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦ - અંક : ૪

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

મોંઘવારીનો માર: ઓક્ટોબરમાં જથ્થાબંધ ફુગાવો 12.29%ની નવી ટોચે

જથ્થાબંધ ભાવાંકની નવી શ્રેણી જાહેર થયા બાદ સૌથી ઉચો WPI મોંઘવારી દર

મોંઘા ઇંધણો, વીજળી અને બિન-ખાદ્ય વસ્તુઓમાં ભાવધારાને કારણે આ દર ઉચો ગયો, નવેમ્બરમાં ઘટવાની આશા.



નવી દિલ્હી, તા. 16 (PTI): ઓક્ટોબર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર વધીને ૧૨.૨૯ ટકા નોંધાયો હતો, જે ૨૦૨૨-૨૩ના નવા બેઝ વર્ષ વાળી જથ્થાબંધ ભાવાંક(WPI) શ્રેણીમાં સૌથી વધુ છે. આ વધારો મુખ્યત્વે મોંઘા બળતણ અને વીજળી તેમજ બિન-ખાદ્ય વસ્તુઓને કારણે થયો છે.

જો કે, અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે વૈશ્વિક ઉર્જાની કિંમતોમાં ઘટાડો થવાથી નવેમ્બર મહિનામાં WPI ફુગાવાનો આંકડો નીચો આવવામાં મદદ મળશે.

સપ્ટેમ્બર ૨૦૨૬માં WPI મોંઘવારી દર ૧૧.૩૯ ટકા હતો. ઓક્ટોબર મહિનામાં ખાદ્ય ચીજવસ્તુઓનો મોંઘવારી દર વધીને ૮.૨૬ ટકા થયો હતો, જે અગાઉના મહિનામાં ૮.૧૪ ટકા હતો. બિન-ખાદ્ય વસ્તુઓમાં, ગયા મહિને મોંઘવારી દર ૧૧.૬૯ ટકા હતો, જ્યારે સપ્ટેમ્બરમાં તે ૧૦.૨૮ ટકા હતો.

ખનિજોમાં ભાવ વધારાનો દર ૧૨.૬૪ ટકા હતો, જે સપ્ટેમ્બરના ૯.૫૧ ટકા કરતા વધુ છે. બળતણ અને વીજળી ક્ષેત્રે ફુગાવા દર સપ્ટેમ્બરના ૨૫.૮૫ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૩૨.૮૪ ટકા થઈ ગયો. ઉત્પાદિત વસ્તુઓમાં મોંઘવારી દર ૯.૫૪ ટકા રહ્યો, જેની સામે સપ્ટેમ્બરમાં તે ૯.૭૬ ટકા હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના નિવેદન મુજબ, ઓક્ટોબરની મોંઘવારીમાં મિનરલ ઓઈલ, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, વીજળી, ખાદ્ય વસ્તુઓ, મૂળભૂત ધાતુઓનું ઉત્પાદન, રસાયણો અને રાસાયણિક ઉત્પાદનોનું ઉત્પાદન, ખાદ્ય ઉત્પાદનોનું ઉત્પાદન, બિન-ખાદ્ય વસ્તુઓ જેવા ક્ષેત્રોનો ફાળો રહ્યો હતો. આ ઉપરાંત, કાપડનું ઉત્પાદન અને રબર તથા પ્લાસ્ટિક ઉત્પાદનોના કારણે પણ ઓક્ટોબરમાં WPI માં વધારો થયો છે.

ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચના ચીફ ઈકોનોમિસ્ટ દેવેન્દ્ર પંતે જણાવ્યું હતું કે બેઝ ઈફેક્ટ અને પ્રાથમિક વસ્તુઓ તથા બળતણ અને વીજળી જૂથોમાં વ્યાપક વધારાને કારણે ઓક્ટોબર ૨૦૨૬માં WPI મોંઘવારી નવી શ્રેણીમાં સૌથી વધુ રહી હતી. તેમણે ઉમેર્યું કે જો નવેમ્બરના બાકીના દિવસોમાં ચલણ મજબૂત રહે અને ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ જળવાઈ રહે, તો આ મહિના દરમિયાન જથ્થાબંધ મોંઘવારી ઘટીને આશરે ૧૧.૫ ટકા સુધી આવી શકે છે. સરકારે ૧૫ જૂને ૨૦૨૨-૨૩ ના નવા બેઝ વર્ષ સાથે સંશોધિત WPI શ્રેણી જાહેર કરી હતી.

છઠ પૂજા ટાણે યમુનામાં ઝેરી ફીણ દેખાતા રાજકારણ ગરમાયું



સફાઈના દાવા વચ્ચે આપ-ભાજપ વચ્ચે શાબ્દિક જંગ

નવી દિલ્હી, તા. 16 (PTI). દક્ષિણ-પૂર્વ દિલ્હીમાં કાલિંદી કુંજ બેરેજ પાસે યમુના નદીમાં ઝેરી ફીણ જોવા મળવાને લઈને રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપ શરૂ થયા છે, જ્યાં છઠ પૂજાના અવસર પર હજારો શ્રદ્ધાળુઓ સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરવા એકઠા થયા હતા.

દિલ્હી સરકાર દ્વારા વ્યાપક સફાઈ અભિયાનના દાવાઓ છતાં કાલિંદી કુંજનાં દૃશ્યોમાં નદીની સપાટી પર સફેદ ફીણ છવાયેલું જોવા મળે છે, જેનાથી યમુનામાં પ્રદૂષણના સ્તર તરફ ફરી એકવાર ધ્યાન ખેંચાયું છે.

દિલ્હી આપના પ્રમુખ સૌરભ ભારદ્વાજે છઠની ઉજવણી માટે 'નબળી વ્યવસ્થા' બદલ ભાજપ સરકાર પર આરોપ લગાવતા મુખ્યમંત્રી રેખા ગુપ્તાને કાલિંદી કુંજમાંથી યમુનાનું પાણી પીવાનો પડકાર ફેંક્યો હતો.

ભારદ્વાજે એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "જો મુખ્યમંત્રી રેખા ગુપ્તા કાલિંદી કુંજ ખાતે યમુનાનું 1 લિટર પાણી પી લે, તો હું તેમને નમન કરીશ અને સ્વીકારીશ કે નદી સાફ થઈ ગઈ છે. પછી હું મારા બાકીના જીવનમાં ક્યારેય તેમના પર સવાલ નહીં ઉઠાવું." દિલ્હી ભાજપના પ્રવક્તા પ્રવીણ શંકર કપૂરે નદીની સપાટી પર ઝેરી ફીણ દેખાવાની ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતાં સવાલ ઉઠાવ્યો હતો કે, જ્યારે આપ સત્તામાં હતી ત્યારે આ સમસ્યાના ઉકેલ માટે તેણે શું કર્યું હતું.

કપૂરે આરોપ લગાવ્યો હતો કે, "કાલિંદી કુંજ પાસે યમુનામાં અમુક સ્થળોએ ફીણ દેખાવું ચોક્કસપણે દુર્ભાગ્યપૂર્ણ છે. જોકે, આ મુદ્દે રાજનીતિ કરવાને બદલે આપ અને કોંગ્રેસે સત્તામાં તેમના સંબંધિત કાર્યકાળનો હિસાબ આપવો જોઈએ અને સમજાવવું જોઈએ કે તેઓ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવામાં કેમ નિષ્ફળ રહ્યા."

કરોડોના ખર્ચ છતાં યમુના મેલી ને મેલી: સુપ્રીમ કોર્ટે સત્તાધીશોનો ઉધડો લીધો

માત્ર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાથી યમુના સાફ નહીં થાય, પ્રદૂષણને મૂળમાંથી જ અટકાવો

નદીમાં ગંદુ પાણી ઠાલવતા 520 નાળાઓ વહીવટીતંત્રની ખામીઓ દર્શાવે છે

પાણીની ગુણવત્તા બગડશે તો સંબંધિત રાજ્ય કે જિલ્લાને દંડ ફટકારવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને નિર્દેશ

નવી દિલ્હી, તા. 16 (PTI): યમુના નદીની સફાઈ પાછળ જંગી ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં તેમાં પ્રદૂષણ માત્ર વધ્યું જ છે, તેવું અવલોકન સુપ્રીમ કોર્ટે કર્યું છે. આ સાથે જ કોર્ટે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ને રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને જિલ્લાઓમાં યમુના તથા તેના મુખ્ય નાળાઓ જ્યાંથી પ્રવેશે છે અને બહાર નીકળે છે ત્યાં પાણીની ગુણવત્તા પર નજર રાખવાનો નિર્દેશ આપ્યો છે.

જસ્ટિસ મનોજ મિશ્રા અને જસ્ટિસ મનમોહનની બેન્ચે 4 નવેમ્બરના આદેશમાં નોંધ્યું હતું કે ઔદ્યોગિક પ્રદૂષકો અને શુદ્ધ કર્યા વગરના ગટરના ગંદા પાણીને તેના ઉદ્ભવ સ્થાને જ અટકાવવા જોઈએ, માત્ર વધુ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાથી નદી સાફ થશે નહીં. નદી કિનારે આવેલા શહેરો અને ગામોના સ્થાનિક વહીવટીતંત્રની ખામીઓ યમુનાના ગંદા પાણી અને નદીમાં ગંદુ પાણી ઠાલવતા 520 નાળાઓમાં સ્પષ્ટ દેખાય છે. જ્યાં સુધી નદીના પટ અને નાળાઓ પર બનેલી ગેરકાયદેસર વસાહતો અને ઝૂંપડપટ્ટીઓને રહેવાસીઓના પુનર્વસન સાથે હટાવવામાં નહીં આવે, ત્યાં સુધી નદી પ્રદૂષિત થતી રહેશે. સર્વોચ્ચ અદાલતે કડક ચેતવણી આપી છે કે જો કોઈ રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશ કે જિલ્લામાંથી પસાર થતી વખતે પાણીની ગુણવત્તા બગડશે, તો સંબંધિત સત્તાધીશોને જવાબદાર ઠેરવી દંડ ફટકારવામાં આવશે અને તેની ફોર્મ્યુલા સીપીસીબી નક્કી કરશે. ઉપરાંત, માછલીઓના મોત કે સફેદ ફીણ જેવી ઘટનાઓ અંગે વિગતવાર અહેવાલ રજૂ કરવા સીપીસીબીને સૂચના અપાઈ છે. આ મામલે આગામી સુનાવણી 13 જાન્યુઆરીએ રાખવામાં આવી છે.

વાયુ પ્રદૂષણ મામલે દિલ્હી દેશમાં મોખરે

10 રાજધાનીઓમાં પ્રદૂષણનું સ્તર ભયજનક સપાટીએ, દિલ્હીમાં વાર્ષિક સરેરાશ PM2.5નું સ્તર રાષ્ટ્રીય ધોરણ કરતાં બમણું 94 માઈક્રોગ્રામ નોંધાયું

નવી દિલ્હી, તા. 16 (PTI): દિલ્હી સ્થિત થિંક ટેન્ક 'એન્વાયરોકેટાલિસ્ટ્સ'ના એક અહેવાલ મુજબ, દિવાળી 2025થી દિવાળી 2026 વચ્ચે (તહેવારના દિવસો સિવાય) દિલ્હીમાં વાર્ષિક સરેરાશ PM2.5 સાંદ્રતા પ્રતિ ઘન મીટર 94 માઈક્રોગ્રામ નોંધાઈ હતી, જે રાષ્ટ્રીય ધોરણ કરતાં બમણી છે.

આ સાથે દિલ્હી વિશ્લેષણ કરાયેલા 24 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની રાજધાનીઓમાં સૌથી વધુ પ્રદૂષિત શહેર બન્યું છે.

આંકડા દર્શાવે છે કે દિલ્હીમાં PM2.5નું સ્તર 201 દિવસ માટે 24-કલાકના રાષ્ટ્રીય ધોરણ (60 માઈક્રોગ્રામ) કરતાં વધુ રહ્યું હતું. દિલ્હીનું વાર્ષિક સરેરાશ સ્તર રાષ્ટ્રીય ધોરણ (40 માઈક્રોગ્રામ) કરતાં 2.3 ગણું અને વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ) ની માર્ગદર્શિકા કરતાં 18.7 ગણું વધારે હતું. દિવાળીની રાત્રે દિલ્હીમાં પ્રતિ ઘન મીટર 584 માઈક્રોગ્રામ સુધીનું પીક હોર્લી સ્તર નોંધાયું હતું.

24 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની રાજધાનીઓમાં અભ્યાસ

...અનુસંધાન પાના 15 પર

દિલ્હી ડાયરી



સંમતિથી બંધાયેલા સંબંધોમાં બળાત્કારના ખોટા આરોપો અંગે સુપ્રીમ કોર્ટની ચિંતા

કેટલીક મહિલાઓ દ્વારા સંમતિથી બંધાયેલા સંબંધોનો હથિયાર તરીકે ઉપયોગ કરીને બળાત્કારના ખોટા આરોપો લગાવવામાં આવે છે, જેના કારણે આરોપીને ક્યારેય ન ભરાય તેવું કલંક, હેરાનગતિ અને અન્યાય સહન કરવો પડે છે, તે બાબતે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાયની ખંડપીઠે જણાવ્યું હતું કે, "જ્યારે સંમતિથી બંધાયેલા દરેક સંબંધમાં ખટાશ આવે ત્યારે તેને બળાત્કારના આરોપમાં ફેરવી દેવામાં આવે છે, ત્યારે તે માત્ર આરોપિત ગુનાની ગંભીરતાને જ ઓછી નથી કરતું, પરંતુ ગુનાના મૂળ આરોપને જ નકારી કાઢે છે. આનાથી આરોપીને ક્યારેય ન ભૂંસાય તેવું કલંક, હેરાનગતિ અને અન્યાયનો સામનો કરવો પડે છે." ખંડપીઠે વધુમાં ઉમેર્યું હતું કે, "આ માત્ર અંગત વિવાદનો મામલો નથી. આવા કેસોમાં ફોજદારી ન્યાય પ્રક્રિયાનો દુરુપયોગ ગંભીર ચિંતાનો વિષય છે અને તેની નિંદા થવી જ જોઈએ. તેથી,

...અનુસંધાન પાના 15 પર

તા.૧૬-૧૧-૨૦૨૬નું વડોદરાશહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૪.૦° સે.	૧૯.૪° સે.	૪૩%

આંધ્રપ્રદેશ પર ત્રણ અઠવાડિયામાં ત્રીજા વાવાઝોડાનું સંકટ

બંગાળની ખાડી પર સર્જાયેલું ડીપ ડિપ્રેશન 'અકવાન' વાવાઝોડામાં પરિવર્તીત થશે

19 નવેમ્બરે આંધ્રના દરિયાકાંઠે ટકરાવાની શક્યતા; તમિલનાડુ અને પુડુચેરીમાં તોફાની પવન સાથે ભારે વરસાદની આગાહી

આંધ્ર અને તમિલનાડુના માછીમારોને દરિયો ન ખેડવા સૂચના.

ચેન્નાઈ-અમરાવતી, તા. 16 (PTI): દક્ષિણ-પૂર્વ અને તેને અડીને આવેલા દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પર સર્જાયેલું ડીપ ડિપ્રેશન સોમવાર સાંજ સુધીમાં તીવ્ર બનીને 'અકવાન' નામના ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાય તેવી શક્યતા છે. આ તોફાન આંધ્રપ્રદેશ તરફ આગળ વધી રહ્યું હોવાથી રાજ્યમાં માત્ર ત્રણ અઠવાડિયામાં ત્રીજી વખત વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, છેલ્લા 6 કલાકમાં 8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધેલી આ સિસ્ટમ 17 નવેમ્બર સુધીમાં ગંભીર અને 19 નવેમ્બરની આસપાસ આંધ્રપ્રદેશના દરિયાકાંઠા નજીક અત્યંત ગંભીર ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થશે. આંધ્રપ્રદેશ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના મેનેજિંગ ડિરેક્ટર પ્રખર જૈને દરિયાકાંઠાના વિસ્તારોમાં તોફાની પવન સાથે ભારે વરસાદની ચેતવણી આપી છે, તેમજ ખેડૂતો અને નાગરિકોને સાવચેતી રાખવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ 'અર્ણબ' અને 'મુરસુ' વાવાઝોડાને કારણે આંધ્રપ્રદેશમાં લાખો એકર પાક નાશ પામ્યો હતો અને અંદાજે 7,000 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું, જેના માટે રાજ્યએ કેન્દ્ર પાસે મદદ માગી છે.

બીજી તરફ, તમિલનાડુના ચેન્નાઈ, તિરુવલ્લુર અને ચેંગલપટ્ટુ જિલ્લામાં 17 નવેમ્બરથી 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન અને ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે. ત્યારબાદ 18 નવેમ્બરથી કાંચીપુરમ, રાનીપેટ, તિરુવન્નામલાઈ, વિલ્લુપુરમ, કુડ્ડલોર, મયિલાદુથુરાઈ

...અનુસંધાન પાના 15 પર

અમેરિકામાં વિદેશોથી અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો

અમેરિકામાં પ્રવેશતા નવા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૫ ટકાનો ઘટાડો, પ્રથમ વખત આટલો મોટો ઘટાડો નોંધાયો

ટ્રમ્પની કડક ઇમિગ્રેશન નીતિને આ માટે જવાબદાર ગણાવતા નિષ્ણાતો

ન્યૂયોર્ક, તા. 16 (AP): સોમવારે જાહેર થયેલા આંકડા દર્શાવે છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ઈમિગ્રેશન પર કડક કાર્યવાહી અને ઉચ્ચ શિક્ષણના માળખામાં ફેરફાર કરવામાં આવતા અમેરિકી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ એજ્યુકેશન(IIE) ના સર્વેક્ષણ મુજબ, ગત વર્ષની સરખામણીએ આ પાનખર સત્રમાં અમેરિકી કેમ્પસોમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણીમાં એકંદરે ૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. અને પ્રથમ વખત અમેરિકામાં પ્રવેશતા નવા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૫ ટકાનો ઘટાડો થયો છે. અમેરિકન એસોસિએશન ઓફ યુનિવર્સિટી પ્રોફેસર્સના જનરલ કાઉન્સેલ વીણા દુબલે જણાવ્યું હતું કે, હવે કોઈ પોતાના બાળકોને શિક્ષણ મેળવવા માટે અમેરિકા મોકલવાની ઈચ્છા રાખતું નથી. તેમના પિતા ૧૯૬૦ના દાયકાના અંતમાં સ્ટુડન્ટ વિઝા પર ટસ્કિગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ભારતથી આવ્યા હતા. ગત વર્ષે, સ્નાતક થયા બાદ અસ્થાયી કામ માટે અમેરિકામાં રોકાયેલા વિદ્યાર્થીઓની મોટી સંખ્યાને કારણે

...અનુસંધાન પાના 15 પર

અમેરિકા જતાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬.૫ ટકાનો ઘટાડો

આ અહેવાલ મુજબ ભારતથી આવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે, જે અન્ય કોઈપણ દેશની સરખામણીએ અમેરિકામાં અભ્યાસ માટે સૌથી વધુ વિદ્યાર્થીઓ મોકલે છે. સોમવારે જાહેર અહેવાલ મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્રે ઇમિગ્રેશન નીતિઓ કડક બનાવતા ૨૦૨૫-૨૬માં અગાઉના વર્ષની સરખામણીએ અમેરિકાની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬.૫ ટકાનો ઘટાડો થયો છે. 'ઓપન ડોર્સ રિપોર્ટ ઓન ઇન્ટરનેશનલ એજ્યુકેશનલ એક્સચેન્જ' અનુસાર, ૨૦૨૪-૨૫માં ૩,૬૩,૦૧૯ ભારતીય વિદ્યાર્થીઓની સરખામણીએ ૨૦૨૫-૨૬માં ૩,૩૮,૪૩૫ ભારતીય વિદ્યાર્થીઓએ અમેરિકાની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવ્યો હતો. ૨૦૨૫-૨૬માં કુલ નોંધણીમાં ૨૯.૬ ટકા હિસ્સા સાથે ભારત સતત ત્રીજા વર્ષે અમેરિકામાં આંતરરાષ્ટ્રીય

...અનુસંધાન પાના 15 પર

બિલ્કિસ બાનુ કેસ: સુપ્રીમ કોર્ટે બે દોષિતોની આજીવન કેદ સ્થગિત કરી

બંને દોષિતોએ જેલમાં ૧૭ વર્ષ વીતાવ્યા છે અને એક દોષિત ગંભીર રીતે વિકલાંગ છે તે બાબત અદાલતે ધ્યાનમાં લીધી, બંનેને જામીન આપ્યા.

નવી દિલ્હી, તા. 16 (PTI): ગુજરાતમાં ૨૦૦૨ના રમખાણો દરમિયાન બિલ્કિસ બાનો પર સામૂહિક દુષ્કર્મ અને તેમના પરિવારના સાત સભ્યોની હત્યા કરવાના કેસમાં સુપ્રીમ કોર્ટે બે દોષિતોની આજીવન કેદની સજા સ્થગિત કરીને તેમને જામીન આપ્યા છે.

જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ પી.બી. વરાલેની બેન્ચે નોંધ્યું હતું કે બિપિન ચંદ્ર જોશી અને પ્રદીપ મોઢિયા ૧૭ વર્ષથી વધુ સમયથી જેલમાં બંધ છે. સર્વોચ્ચ અદાલતે તેના ૨૮ ઓક્ટોબરના આદેશમાં, જે હવે અપલોડ કરવામાં આવ્યો છે, જણાવ્યું હતું કે, "પક્ષકારોને સાંભળ્યા પછી, એ કહેવું પૂરતું છે કે અપીલકર્તાઓ ૧૭ વર્ષથી વધુ સમયથી જેલવાસ ભોગવી રહ્યા છે, અને એ હકીકત પણ છે કે અપીલકર્તાઓમાંના એક ગંભીર રીતે અપંગ છે. બંને વ્યક્તિઓ ૧૭ વર્ષથી વધુ સમયથી જેલમાં હોવાની દલીલ કરતા, વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લુથરાએ રજૂઆત કરી હતી કે દોષિતોમાંના એકનું નામ એફઆઈઆરમાં નહોતું અને ૨૦૦૨ના રમખાણોના લગભગ ત્રણ વર્ષ પછી તેને આ કેસમાં સંડોવવામાં આવ્યો હતો. એડિશનલ સોલિસિટર જનરલ રાજા ઠાકરેએ આ અરજીનો સખત વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે હાઈકોર્ટ અને ટ્રાયલ કોર્ટ રેકોર્ડ પર લાવવામાં આવેલી સંબંધિત સામગ્રીને ધ્યાનમાં લીધી છે, ખાસ કરીને જ્યારે આચરવામાં આવેલો ગુનો આટલો ગંભીર છે. ફેબ્રુઆરી ૨૦૦૨માં ગોધરા ટ્રેન સળગાવવાની ઘટના બાદ ફાટી નીકળેલા કોમી

...અનુસંધાન પાના 15 પર

કેપિટલ ગેઈન્સ ટેક્સ અંગે બજેટમાં મોટા ફેરફારના સંકેત

ઉદ્યોગ સંગઠનોએ એલટીસીજી નાબૂદ કરવા અને એસટીસીજીના દરો ઘટાડવા ભલામણ કરી વિદેશી રોકાણ આકર્ષવા ટેક્સ માળખું સરળ બનાવવા રજૂઆતો

નવી દિલ્હી, તા. 16 (PTI): નાણા મંત્રાલય શેરબજારના રોકાણ પર થતા મૂડી નફા પરના કર (કેપિટલ ગેઈન્સ ટેક્સ)ના વિવિધ પાસાઓની સમીક્ષા કરી રહ્યું છે. અને આગામી કેન્દ્રીય બજેટ 2027-28માં આ અંગે મહત્વપૂર્ણ ફેરફારો જાહેર થવાની શક્યતા છે, તેમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી) ના ચેરમેન રવિ અગ્રવાલે સોમવારે જણાવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય વેપાર મેળા (આઈઆઈટીએફ)માં સીબીડીટી લાઉન્જના ઉદ્ઘાટન પ્રસંગે પત્રકારો સાથે વાત કરતા અગ્રવાલે કહ્યું કે પ્રી-બજેટ બેઠકોમાં વિવિધ હિતધારકો દ્વારા મળેલા સૂચનોનું વિશ્લેષણ ચાલી રહ્યું છે અને 1 ફેબ્રુઆરીએ બજેટમાં આ અંગેનો નિર્ણય જાહેર કરાશે. ઉદ્યોગ સંગઠનોએ વિદેશી રોકાણ આકર્ષવા માટે લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ ટેક્સ (એલટીસીજી) નાબૂદ કરવા, શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન્સ (એસટીસીડી) અને સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી)ના દરો તર્કસંગત

...અનુસંધાન પાના 15 પર